ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોરોનાનું ભયાવહ રૂપ : જિલ્લામાં નવા ૨૮૬ કેસ

## ગાંધીનગરમાં ૨૮, દહેગામમાં ૩૧, કલોલમાં ૩૭, માણસામાં ૨૪ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦ કેસ તો શહેરમાં ૧૬૬ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં ૮૨ અને સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૮૪ કેસ નોંધાયા : સે. ૨ માં ૧૨, સે. ૩૦ માં અને ૧૩ માં ૧૦-૧૦ કેસ : કુડાસણમાં ૧૬, સરગાસણ ૧૫, વાવોલમાં ૧૦, ઝુંડાલમા ૧૧ કેસ નોંધાયા : મહિલા દર્દીઓની સંખ્યા વધી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું ભયાવહ સ્વરૂપ આજે વધુ રૌદ્ર બન્યુ છે. જિલ્લામાં આજે નવા ૨૮૬ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૦ કેસ નોંધાયા છે તો શહેરમાં ૧૬૬ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનો ચેપ રેટ ૬ ટકાને પણ પાર કરી ગયો છે. જિલ્લામાં રોકેટ ગતિએ કેસો વધી રહ્યા હોવાથી તંત્ર પણ ચિંતામાં ડૂબી ગયુ છે. કોરોનાનું આ કોમ્યુનીટી ટ્રાન્સમીશને તંત્રની ઊંઘ હરામ કરી દીધી છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓ લગભગ ઠપ્પ થઈ જવા પામી છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી સતત કેસો મળી રહ્યા છે તેથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. જિલ્લાના અર્થતંત્ર પર પણ હવે કોરોનાની અસર દેખાવા લાગી છે. ૩૧ જેટલા ગામોએ ગાંધીનગર તાલુકામાં તો સ્વૈચ્છીક લોકડાઉનનો નિર્ણય લઈ લીધો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ થી વધુ ગામોએ સ્વૈચ્છીક લોકડાઉનનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાની તમામ હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. દર્દીઓને દાખલ કરવા માટે પરિવારજનો સતત રઝળપાટ કરતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ પણ વધવા પામી છે.

જિલ્લામાં આજે દહેગામમાં ૩૧ કેસ નોંધાયા છે. આટલી મોટી સંખ્યામાં એક જ દિવસમાં કેસો નોંધાતા તંત્ર હચમચી જવા પામ્યુ છે. તાલુકાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા પણ વધવા પામી છે.

ગાંધીનગરમાંથી ૨૮, કલોલમાંથી ૩૭ અને માણસામાંથી ૨૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૭ જેટલી મહિલા દર્દીઓ ઉપરાંત ૮ વિદ્યાર્થી, ૧૩ કર્મયોગી, ૧૩ ખેડૂતો તેમજ ખાનગી નોકરીયાતોનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૭ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે નાંદોલ ગામેથી ૭ કેસ, સાણોદામાંથી ૬ કેસ ઉપરાંત હિલોલ, દહેગામ અર્બન, બારડોલી કોઠી, જાલિયામઠ, લવાડ, હાલીસા તેમજ વડવાસા ગામેથી ૨-૨ કેસ તેમજ બહિયલ, ઝાલાના મુવાડા, વાસણા ચૌધરી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે કોરોનાની ગતિ થોડીક ધીમી પડી હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. તાલુકામાં આજે ૨૮ કેસ નોંધાયા છે. જો કે તંત્ર આજે રજાના દિવસે પણ સતત દોડતુ રહ્યુ હતુ. તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન ન કરતા લોકો સામે પગલાં લેવા પણ જણાવ્યુ છે. કોવિડના વધતા જતા સંક્રમણને પગલે તાલુકાના ૩૧ ગામોએ સ્વૈચ્છીક લોકડાઉનનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર તાલુકામાં આજે સરઢવ ગામેથી ૪, પિંડારડામાંથી ૬, ગિફટસીટી અને ઈસનપુર મોટા, છાલા ગામેથી ૨-૨ કેસ ઉપરાંત આદરજ મોટી, જલુંદ, જામનગરપુરા, ટીંટોડા, જાખોરા, લેકાવાડા, સાદરા, ભાઈજીપુરા, શેરથામાંથી કેસો મળ્યા છે તેમજ આલમપુર એરફોર્સ અને આલમપુર બી.એસ.એફ.માંથી પણ ૧-૧ કેસ મળી આવેલ છે.

કલોલમાં કોરોનાનો આજે વિસ્ફોટ થયો છે. કલોલમાં આજે ૩૭ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાં જ ૧૭ કેસ નોંધાયા છે. આ ઉપરાંત છત્રાલમાંથી ૫, ભોંયણમોટીમાંથી ૨, સઈજમાંથી અને સાંતેજમાંથી ૨-૨ કેસ મળી આવ્યા છે. તેમજ તાલુકાના ધાનજ, પલસાણા, જેઠલજ, ચાંદીસણા, નારદીપુર, આરસોડિયા, અલુવા, જામળા, સોજામાંથી પણ ૧-૧ કેસ મળેલ છે.

માણસામાં આજે નોંધાયેલા ૨૪ કેસ છે. જેમાં માણસા અર્બનમાં ૧૦, ઈટાદરામાં ૪, લોદરા, બદપુરા અને વરસોડા ગામેથી ૨-૨ કેસ તેમજ રિદ્રોલ, ઈશ્વરપુરા, માણકેપુર, રામપુરમાંથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૫૬૩૪ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૬૩૪૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૬૬ કેસ નોંધાયા છે. ૩ દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ૮૨ કેસ નોંધાયા છે. જ્યારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૮૪ કેસ નોંધાયા છે.

શહેરમાં હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં કોરોનાની આ બીજી લ્હેર મહિલા દર્દીઓ જે રીતે નોંધાઈ રહી છે તેને લઈ પણ તંત્ર ચિંતીત છે. શહેરમાં આજે ૭૨ મહિલા દર્દીઓનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨ માં ૧૨, સે. ૩૦ અને સે. ૧૩ માં ૧૦-૧૦ કેસ, સે. ૨૭ માં ૮ કેસ, સે. ૬ અને ૫ માં ૬-૬ કેસ, સે. ૨૪, જીઈબી, સે. ૧૨, સે. ૨૧ માં ૪-૪ કેસ, સે. ૨૬ અને ૨૯ માં ૩-૩ કેસ જ્યારે સે. ૧, ૮, ૧૪ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૩ અને સે. ૭ માંથી ૧-૧ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિટ ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાંથી ૧૬, સરગાસણમાંથી ૧૫, ઝુંડાલમાંથી ૧૧, વાવોલમાંથી ૧૦, ભાટમાંથી, રાંદેસણમાંથી ૫-૫ કેસ, સુઘડમાંથી ૪ કેસ તેમજ રાયસણમાંથી ૭, પેથાપુર, કોલવડામાંથી ૩-૩ કેસ મળી આવ્યા છે. કોબા અને કોટેશ્વરમાંથી પણ ૧-૧ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૩ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

# નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ કોરોના પોઝિટિવ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તેમજ આરોગ્ય ખાતાનો પણ હવાલો ધરાવતા નીતિન પટેલને કોરોનાનો ચેપ



લાગ્યો છે. આજે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ટીવી રિપોર્ટ્સ અનુસાર, નીતિન પટેલ યુ.એન. મહેતા હોસ્પિટલમાં એડમિટ થઈ ગયા છે. આ અંગે પોતાના ટ્વીટર હેન્ડલ પર માહિતી આપતા નીતિન પટેલે જણાવ્યું હતું કે, તેમને સામાન્ય લક્ષણો જણાતા આરટી-પીસીઆર ટેસ્ટ કરાવ્યો હતો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓ ડૉક્ટર્સની સલાહ પર યુ.એન. મહેતા હોસ્પિટલમાં એડમિટ થઈ ગયા છે. નીતિન પટેલે ૫મી માર્ચના રોજ અમદાવાદમાં કોરોનાની વેક્સિનનો પહેલો ડોઝ પણ લીધો હતો. જોકે, રસી લીધા બાદ પણ કોરોના થયો હોય તેવા તેઓ પહેલા મંત્રી નથી. અગાઉ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને પણ વેક્સિન લીધા બાદ કોરોનાનો ચેપ લાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજ સવાર સુધી નીતિન પટેલ સક્રિય હતા, અને તેઓ કોલવડા ખાતે અમિત શાહ સાથેના કાર્યક્રમમાં પણ જોડાયા હતા.

આ ઉપરાંત, નીતિન પટેલ રોજેરોજ થતી કોર કમિટિની મિટિંગ ઉપરાંત અન્ય બેઠકોમાં પણ હાજર રહેતા હતા. તાજેતરના દિવસોમાં નીતિન પટેલે અનેકવાર અમદાવાદ તેમજ રાજ્યની અલગ-અલગ કોરોના હોસ્પિટલોની મુલાકાત પણ લીધી હતી. તેમની સાથે આરોગ્ય ખાતા ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેતા હતા. નીતિન પટેલ ઉચ્ચ અધિકારીઓ તેમજ નેતાઓના સંપર્કમાં આવ્યા હોવાથી હવે તમામે રિપોર્ટ કરાવવો પડે કે આઈસોલેટ થવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં આ વર્ષે સીએમ રુપાણી સહિતના અનેક નેતાઓ તેમજ ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓને કોરાનાનો ચેપ લાગી ચૂક્યો છે. બજેટ સત્ર દરમિયાન

**પટેલે ૫મી માર્ચે કોરોના વેક્સિનનો પહેલો ડોઝ લીધો હતો, સવાર સુધી અનેક કાર્યક્રમમાં ભાગ લીધો હતો**

વિધાનસભા તેમજ સચિવાલયમાં જાણે કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેમ એક પછી એક ઢગલાબંધ કેસો આવતા અનેક અધિકારીઓ તેમાં સપડાયા હતા, અને કેટલાકે જીવ ગુમાવવાનો પણ વારો આવ્યો હતો. કોરોનાના કેસોમાં મોટો વધારો થતાં રાજ્ય સરકારે સચિવાલયનું કામકાજ અડધા કર્મચારીઓથી ચલાવવાનો નિર્ણય લીધો હતો. કોરોનાએ આ વર્ષે પણ ગુજરાતમાં કહેર મચાવ્યો છે ત્યારે અત્યારસુધી સરકારના અડધો ડઝનથી વધુ મંત્રીઓ તેમાં સપડાઈ ચૂક્યા છે. આ વર્ષે ગણપત વસાવા, પ્રદીપસિંહ જાડેજા, ઈશ્વર પરમાર, સૌરભ પટેલ, દિલિપ ઠાકોર, સીએમ વિજય રુપાણીને કોરોનાનો ચેપ લાગી ચૂક્યો છે. ભાજપ તેમજ કોંગ્રેસના સિનિયર નેતાઓ પણ આ વાયરસથી બચી શક્યા નથી. કોરોનાના વધતા જતા કેસો વચ્ચે પણ ગુજરાત સરકારે લોકડાઉન જાહેર નથી કર્યું. જોકે, સ્થાનિક સ્તરે ગામડાં કે ટાઉન્સ સ્વૈચ્છિક લોકડાઉનનો અમલ કરી રહ્યા છે. ઘણા વેપારી મંડળોએ સ્વૈચ્છિક રીતે આ મહિનાની આખર તારીખ સુધી પણ લોકડાઉન જાહેર કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્યના ૨૦ જેટલા શહેરોમાં સાંજે આઠ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધીનો કરફ્યૂ અમલી છે. આ ઉપરાંત, સરકારે લગ્ન તેમજ મરણ પ્રસંગોમાં પણ મર્યાદિત સંખ્યામાં જ લોકોને ભેગા થવાની પરવાનગી આપી છે.

# સચિવાલય ખાતે આવેલા ઈ-સંજીવની ઓપીડીના હબની મુલાકાત લેતાં મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ

ગાંધીનગર,

ગુજરાત રાજય દ્વારા ગાંધીનગર સચિવાલય ખાતે આવેલા ઈ-સંજીવની ઓપીડીના હબની મુલાકાત આજરોજ રાજયના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમે લીધી હતી. અત્યારની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લેતાં કોરોનાથી સક્રમિત દર્દીઓ જેઓ ઘરે રહીને સારવાર મેળવી રહ્યા છે. તેમને સારવાર અને સલાહ મળી રહે તેવી સુચારું વ્યવસ્થા ગોઠવાનું પણ રાજયના મુખ્ય સચિવએ જણાવ્યું હતું. ઈ-સંજીવની ઓપીડી એ ભારત સરકાર દ્વારા CDAC મોહાલીના સપોર્ટ થી દર્દીઓને ડોક્ટરને જોડતી એક એપ છે જેની મદદથી દર્દી તેમાં નામાંકન કરાવી અને ટોકન મળે તે નાખીને સીધા ડોક્ટર સાથે ઓડિયો અને વિડીયોથી જોડાય છે ડોક્ટર દ્વારા દર્દીઓનો પ્રશ્ન પૂછી અને નિદાન અને સારવાર નક્કી કરવામાં આવે છે.આ નક્કી કરેલ સારવાર અને સલાહ એસએમએસ દ્વારા દર્દીને મળી જાય છે. આ સારવાર અને સલાહ નો સંદેશો કોઈપણ સરકારી દવાખાનામાં લઈ જવાથી તેમને નિશુલ્ક દવાઓ અને જરૂરી તપાસ કરી આપવામાં આવે છે. આ સેવા ડોક્ટર - ડોક્ટર અને દર્દી-ડોક્ટરોને જોડીને પણ આપવામાં આવે છે. ઈ-



સંજીવની ઓપીડી એ એન્ડ્રોઈડ ફોનમાં પ્લેસ્ટોરમા પર ઉપલબ્ધ છે અને એપ ખૂબ જ સરળતાથી કોઈ પણ વ્યક્તિ વાપરી શકે તેમ છે ગુજરાત સરકારે પણ એ સંજીવની એપનો ઉપયોગ કરવાનું નક્કી કરેલ છે. તારીખ ૧૪/૦૯/૨૦૨૦ થી ગુજરાત રાજ્યમાં આ એપ નો અમલી કરવામાં છે ગુજરાતમાં ડોક્ટર તરીકે ૨૧૬૮ તબીબો જોડાયા છે જેમાં ફિઝિશિયન, સર્જન, ગાયનેકોલોજિસ્ટ,સ્કીન સ્પેશિયાલિસ્ટ, પીડીયાટ્રીશીયન, ઓપ્થેલમોલોજીસ્ટ, ઈ.એન.ટી. સર્જન તથા જનરલ ફિઝિશિયન પ્રેક્ટિશનર સમાવેશ કરવામાં આવેલ છે. અત્યાર સુધી માં આ એપ દ્વારા કુલ ૧,૯૦,૦૦૦ થી વધુ અને ટેલીમેડીસીન દ્વારા કુલ ૩૭,૦૦૦ થી વધુ દર્દીઓ લાભ લીધો છે.

# કોલવડા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે ૨૮૦ લીટર PSA ઓક્સિજન પ્લાન્ટ નો શુભારંભ કરાવતા શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે ગાંધીનગર જિલ્લાના કોલવડા



ખાતે કોવિંડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ખાતે ૨૮૦ PSA ઓક્સિજન પ્લાન્ટ નો શુભારંભ કરાવ્યો હતો આ વેળાએ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઓક્સિજન પ્લાન્ટ નો શુભારંભ કરાવ્યા બાદ મીડિયા સાથે વાતચીત કરતા ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે કોલવડા ખાતે આજે ૬૬ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે જેમને આજથી ઓક્સિજન ની સુવિધા ઉપલબ્ધ બનશે દર મિનિટે ૨૮૦ લીટર ઓક્સિજન દર્દીઓને મળશે એટલું જ નહીં આકસ્મિક સમય માટે ઓક્સિજન સિલિન્ડર પણ અહીં ઉપલબ્ધ કરાયા છે જેનાથી દર્દીઓને કોઈ તકલીફ પડે નહીં.તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને આયોજન હેઠળ દેશભરમાં પી.એમ.કેર ફંડમાંથી ઓક્સિજન પૂરો પાડવા માટે એક ખાસ અભિયાન હાથ ધર્યું છે જેના ભાગરૂપે ગુજરાતમાં લોકોને મદદરૂપ થશે. શ્રી અમિતભાઈ શાહે તેમના સંસદીય મતવિસ્તારમાં ગ્રામીણ નાગરિકો માટે ઉપલબ્ધ કરાયેલ સેવાઓ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ને અભિનંદન પાઠવતા કહ્યું કે શ્રી વિજયભાઈ અને શ્રી ગાંધીનગર ના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ટાટા સન્સ અને ડીઆરડીઓના સહયોગથી ૧૨૦૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ ટુંક સમયમાં કાર્યરત બનશે જેમાં ૬૦૦ બેડ ICUની સુવિધા ધરાવતા હશે. જેનો લાભ પણ સત્વરે નાગરિકોનો મળતો થશે, આ માટેની કામગીરી પણ

**રાજ્યમા નવા ૧૧ ઓક્સિજન પ્લાન્ટ નું નિર્માણ કરવા કેન્દ્રએ આપી મંજૂરી : ટુંક સમયમાં કાર્યરત કરાશે**

નવા ૧૧ PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે જે ટૂંક સમયમાં કાર્યરત કરાશે. અને વધારાનો ઉત્પાદિત ઓક્સિજન નો જથ્થો અન્ય રાજયો ને પહોંચાડવામાં આવશે તેમણે કહ્યું કે ગુજરાત ઉદ્યોગિક રાજ્ય છે ત્યારે ઓક્સિજનનું પણ વધુ ઉત્પાદન થઈ રહ્યું છે જે અન્ય નીતિનભાઈ પટેલે ગુજરાતમાં કોરોના ની પ્રથમ લહેર વખતે જે રીતે કામગીરી કરી હતી એ જ રીતે આજે પણ કોરોના ની બીજી લહેર માં મક્કમ રીતે લડાઈ લડી રહ્યા છે ત્યારે મને વિશ્વાસ છે કે આ બીજા તબક્કામાં પણ આપણે કોરોના ને હરાવીને ગુજરાતના નાગરિકોને બહાર લાવીને સુરક્ષિત કરશુ. તેમણે ઉમેર્યું કે શરૂ કરી દેવાઈ છે એમ પણ ઉમેર્યું હતું. આ પ્રસંગે કોવિડની કામગીરી માટે નિયુકત કરાયેલ ગાંધીનગર જિલ્લાના પ્રભારી શ્રી સુનયના તોમર,ગાંધીનગર જિલ્લા કલેકટર ડો. કુલદીપ આર્ય, મ્યુનિસિપલ કમિશનર ડોક્ટર રતનકંવર ગઢવીચારણ સહિત ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

**સેનેટાઈઝ વીથ સ્મોકગન**

આપના ઘર, ઓફિસ, બિલ્ડીંગ, ફેક્ટરી, સહકારી મંડળીઓમાં યુ.વી.સી. લાઈટ અને સેનેટાઈઝ ગનથી ડિસઈન્ફેક્શન કરાવો

ડાઘ, ધબ્બા, સાફ સફાઈની ઝંઝટથી છુટકારો

**કોરોનાથી રક્ષણ**

ગાંધીનગર અને આજુબાજુના વિસ્તારો માટે

ફોન : ૯૩૭૫૭ ૮૮૧૮૮




**ટેલીફોનીક બેસણું**




મારા પિતા ઇસ્માઈલભાઈ મનસુરીનું તા. ૨૩-૪-૨૦૨૧ (રમઝાન માસના ૧૦માં રોઝે)ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઝિયારત (બેસણું) રાખેલ નથી.

રફીક ઇસ્માઈલ મનસુરી (મો. : ૯૪૨૬૫૮૯૨૮૧)

**દુઃખદ અવસાન**



**નવીનચંદ્ર શુક્લ**

મૂળ નિવાસી માંડવી ગામ, હાલ સેક્ટર-૬ બી, ગાંધીનગર, ઉંમર ૮૫ વર્ષ, રીટાયર્ડ ડેપ્યુટી ડાયરેક્ટર (માહિતી ખાતુ) તા. ૨૧-૦૪-૨૦૨૧ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. હાલની પરિસ્થિતિને કારણે લૌકિક વ્યવહાર મોકુફ રાખેલ છે.

લિ.

નિલાબેન નવિનચંદ્ર શુક્લ (પત્ની)

જલનીધી શુક્લ (જમાઈ) પ્રિતી શુક્લ (પુત્રી)

દિપા શુક્લ (પુત્રવધુ) સ્વ. ચેતના શુક્લ (પુત્ર)

બિનોતી શુક્લ (પૌત્રી)

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan ®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com